ઉન્નત ભારત

ફીટ ઇન્ડિયા

ઉન્નત ભારત અંતર્ગત એસ બી ગાર્ડા કોલેજ નવસારીના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડો. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી તા.17/09/25 નાં રોજ વાડા ગામે જિજ્ઞાસાબેન ભાવિક કાપડિયા (યોગ ટ્રેનર) દ્વારા "ફીટ ઇન્ડિયા" વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. મુખ્ય વકતા શ્રી યોગ ટ્રેનર જિજ્ઞાસાબેને ગ્રામજનો અને વિદ્યાર્થી ભાઇઓ અને બહેનોને તંદુરસ્તી કેવી રીતે જાળવવી તેના માટે યોગનું મહત્વ વિષય ઉપર સારું વ્યાખ્યાન આપ્યું. તે ઉપરાંત ગામના સરપંચ શ્રી વિમલભાઈએ પણ તંદુરસ્તી વિશે જણાવ્યું હતું તથા ઉપસ્થિત ગામના PHC ડો. પરેશભાઈએ ગામમાં ટી. બી. વિશેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનાં અંતમાં ડો. ઇશ્વરભાઈ ચૌધરી સાહેબે આભારવિધિ રજૂ કરી હતી તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. એ. વી. પટેલે કર્યું હતું.

શ્રી. એ. વી. પટેલ

ડૉ. આઈ. એ. ચૌધરી